**અગ્રતા ક્રમ:** **૧૨**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫-૦૪-૨૫૨

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૦૬/૦૨/૨૦૨૪**

**ગુજરાત વિધાનસભાના ચૌદમી ગુજરાત વિધાનસભાનું**

**દસમું સત્ર**

**પ્રશ્ન શિર્ષક: રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંથપાલ**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર: શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર**
**(જામજોધપુર)**

**(૧૨)**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૫૨**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી મહેન્દ્રભાઇ પાડલીયા (ધોરાજી-ઉપલેટા)**

---

**પ્રશ્ન-૧ ગ્રંથપાલની ભરતી માટેના નિયમો અને લાયકાત શું છે?**

**જવાબ:**

શિક્ષણ વિભાગના તા.૧૭/૧૦/૧૯૭૭૧૯૭૭ના ઠરાવ મુજબ ઉચ્ચત્તર માધ્યમિક વર્ગો ધરાવતી સરકારી અને બિન સરકારી શાળાઓમાં નીચે મુજબની શરતોને અધિન ગ્રંથપાલની નિમણુંક કરવાની જોગવાઇ છે.

1. ઉચ્ચતર માધ્યમિક શાળાના બે વર્ગોમાં ઓછામાં ઓછા ૧૦૦ વિદ્યાર્થીઓ હોવા જોઇએ.
2. શાળાના પુસ્તકાલયમાં ઓછામાં ઓછા ૩૦૦૦ પુસ્તકો હોવા જોઇએ.
3. સરપ્લસ થયેલા શિક્ષકો ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ દ્વારા છ મહિનાના પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરી પાસ થયેલ શિક્ષકોને જિ.શિ.અ. અને શિક્ષણ નિયામકની કચેરીની મંજૂરીથી ગ્રંથપાલ તરીકે નિમણુંક આપી શકાશે.
4. શિક્ષણ વિભાગના તા.૧૧/૦૯/૧૯૭૮ના ઠરાવ મુજબ જેતે જિલ્લામાં અને નજીકના જિલ્લામાં સંખ્યાધિક શૈક્ષણિક, બિન શૈક્ષણિક કર્મચારીઓ ઉપલબ્ધ ન હોય તો DEO પાસેથી એ પ્રકારનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ બહારના ઉમેદવારથી કે જેઓની લઘુતમ લાયકાત SSC વીથ લાયબ્રેરી સાયન્સ ડિપ્લોમા હોય તેનાથી ભરતી કરી શકાશે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૫૨**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: મેઘજીભાઇ ચાવડા (કાલાવડ)**

---

**પ્રશ્ન.૨ ગ્રંથપાલની જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીનું આગામી આયોજન શું છે?**

**જવાબ.**

ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે આગામી ત્રણ વર્ષમાં રૂ.૧૦,૫૦૦/- દશ હજાર પાંચસો કરોડના ખર્ચે **"મિશન સ્કુલ્સ ઓફ એક્સેલન્સ"** હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં ૩૯૧૪ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.આ શાળાઓને વિશ્વકક્ષાની માળખાકીય સુવિધાઓ અને શૈક્ષણિક સવલતો સાથે સજ્જ કરવામાં આવશે. ૧.૫ સ્માર્ટ ક્લાસ રૂમ,૨૦,૦૦૦ નવી કમ્પ્યુટર લેબ,૫૦૦૦ સ્ટેમ લેબ/ટીકરીંગ લેબ પુરૂ પાડવાનું લક્ષ્ય છે. જેના દ્વારા વિદ્યાર્થીને E-લાયબ્રેરી અને ઓનલાઇન સંદર્ભ કે પુરક વાંચનની વિશાળ તક પુરી પાડવામાં આવનાર છે.

શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક–બમશ/૧૧/૨૦૧૮/૧૩૦૯–૫૨, તા.૦૬/૦૩/૨૦૧૮થી રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રીય સાતમાં પગારપંચની ભલામણ અન્વયે પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. તે જ ઠરાવની કલમ ૧૦માં વર્ગ–૩ની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહેશે અને શિક્ષણ વિભાગની સૂચના ન મળે ત્યાં સુધી આ સંવર્ગની કોઇપણ જગ્યા માટે N.O.C ન આપવાની સૂચના આપવામાં આવેલ. આ સૂચના મુજબ ગ્રંથપાલની ભરતી માટેની લેખિત પરીક્ષા અને સૂચિત ભરતી નિયમો વિચારણાધીન છે.(અત્રેની કચેરીની સિંગલ ફાઇલ તા.૨૪/૦૨/૨૦૨૧)

# <u>પૂરક માહિતી</u>

**પ્રશ્ન–૧ આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે?**

**જવાબઃ**

**૧.** શિક્ષણ વિભાગના તા.૧૧/૦૯/૨૦૦૯ના પત્રથી કુલ–૧૮૬ ગ્રંથપાલની જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવી. જેના અનુસધાને કુલ–૧૮૬ N.O.C આપવામાં આવી. ત્યારબાદ ગ્રંથપાલની જગ્યા માટે N.O.C આપવામાં આવેલ નથી.

૨. ગુજરાત સરકારના નાણાં વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૪ના ઠરાવ મુજબ કરકસર નીતિ જાહેર કરવામાં આવતાં ગ્રંથપાલની નવી ભરતી થઇ શકી નહી.

૩. RTE Act-2009 અન્વયે ધોરણ–૮ પ્રાથમિક શિક્ષણમાં જતાં માધ્યમિક શાળાના શિક્ષકો ફાજલ થયા તેઓ કામગીરી વિના બેસી ન રહે તે હેતુથી ગ્રંથપાલની જવાબદારી આપવામાં આવી જેના કારણે શાળાઓમાં ગ્રંથપાલની નવી ભરતી માટે N.O.C ની જરૂરીયાત ન રહી.

૪. વ્યવસલાયલક્ષી પ્રવાહ બંધ થતાં તે શાળાઓના ફાજલ વ્યવસાયલક્ષી શિક્ષકોને ખાલી થયેલ ગ્રંથપાલની જગ્યાની જવાબદારી સોંપવામાં આવી. વ્યવસાયલક્ષી શિક્ષકો ગ્રંથપાલની જગ્યા પર ફરજ બજાવતા હોવાથી શાળાઓમાં ગ્રંથપાલની નવી ભરતી માટે N.O.C.ની જરૂરીયાત ન રહી.

૫. વર્ષ–૨૦૧૧માં કારકુન સંવર્ગના મહેકમમાં સુધારો થતાં વધના ફાજલ જાહેર થયેલ કારકુનને પણ વખતો વખત ગ્રંથપાલની જવાબદારી સોંપવામાં આવી.

૬. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ના નિયમ ૯(૮૨) મુજબ નાણાં વિભાગે ૩ વર્ષથી વધુ સમયથી ખાલી તમામ જગ્યાઓ રદ કરવાની જોગવાઇ છે તેમજ વર્ગ–૩ની નવી ભરતી લેખિત પરીક્ષા દ્વારા કરવાનું અમલમાં આવતાં જે–તે સમયે આખા રાજ્યમાં શાળાઓની કુલ–૪૨૭ જેટલી ગ્રંથપાલની જગ્યાઓ રદ કરવામાં આવી.

**પ્રશ્ન.૨ શાળાઓમાં ખાલી રહેતી ગ્રંથપાલની જગ્યા પર ગ્રંથપાલની કામગીરી હાલમાં કોણ કરે છે.?**

**જવાબ.**

ગ્રંથપાલની જગ્યા ખાલી છે ત્યાં હાલમાં આ કામગીરી વ્યવસાયલક્ષી શિક્ષક/ફાજલ ક્લાર્ક અથવા જે શિક્ષકનો કાર્યભાર ઓછો હોય તેવા શિક્ષક દ્વારા કરવામાં આવી રહી છે.

**પ્રશ્ન.૩ રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલી ગ્રંથપાલની જગ્યાઓ મંજૂર થયેલ છે.?**

જવાબ. રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં હાલમાં કુલ–૨૨ ગ્રંથપાલની જગ્યાઓ મંજૂર છે.

**પ્રશ્ન.૪ રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલી ગ્રંથપાલની જગ્યાઓ મંજૂર થયેલ છે.?**

જવાબ. રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં હાલમાં કુલ–૧૨૩૮ ગ્રંથપાલની જગ્યાઓ મંજૂર છે.

**પ્રશ્ન.૫ રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલી ગ્રંથપાલની જગ્યાઓ ભરાયેલ છે. અને ખાલી કેટલી છે.?**

જવાબ. રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં હાલમાં કુલ–૨૨ મંજૂર જગ્યાઓ પૈકી કુલ–૦૬ જગ્યાઓ ભરાયેલ છે અને કુલ ૧૬ જગ્યાઓ ખાલી છે.

અગ્રતા ક્રમાંકઃ(૧૨)

તા.૦૬-૦૨-૨૦૨૪

(૧) શ્રી મહેન્દ્રભાઇ પાડલીયા (ધોરાજી-ઉપલેટા)

(૨) શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવાડ)